સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા
સેન્ટ્રલ બૈંક ઓફ ઇંડિયા
CENTRAL BANK OF INDIA

ઘોડ દોડ રોડ સુરત શાખા : હરીમૈન ગાર્ડન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, મ્યુનિસીપલ સ્કુલની પાસે, ઘોડ દોડ રોડ, સુરત.

ડીમાન્ડ નોટીસ

પ્રતિ, શ્રીમતી મમતા દેવી, પ્રોપાઈટર : મે. માનવતા ટ્રેડર્સ તારીખ : ૦૭.૦૭.૨૦૨૫

સરનામું : પ્લોટ નં. ૧૪૪, ભોલાવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઓલપાડ રોડ, કિમ, સુરત - ૩૯૪૧૧૦.

અને અહીં પણ : એ-૬૫, શુભમ રેસીડેન્સી, તપોન સ્કુલ પાસે, કિમ, સુરત.

સિકયોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ ૧૩(૨) નોટીસ

૧. અમે તમારી વિનંતી અનુસાર કુલ રકમ **રૂા. ૩૦,૦૦,૦૦૦/- (અંકે રૂા. ત્રીસ લાખ પુરા)** ની અલગ-અલગ ક્રેડીટ ફેસીલીટીની સુવિધા દ્વારા અમારી **ઘોડ દોડ રોડ શાખા, સુરત** દ્વારા સુવિધાઓ આપેલ છે. જેની સંપૂર્ણ વિગતો નીચે પ્રમાણે છે.

લોનનો પ્રકાર	લોનની રકમ	વ્યાજનો દર	તા. ૦૭.૦૭.૨૦૨૫ ના રોજ થી બાકી લ્હેણી રકમ
MSME CC (5478581868)	રૂા. ૩૦,૦૦,૦૦૦/-	8.80% p.a.	રૂા. ૧૭,૪૦,૬૩૧/-

૨. આપને જાણ કરવામાં આવે છે કે કુલ રકમ **રૂા. ૧૭,૪૦,૬૩૧/-**, તા. ૦૭.૦૭.૨૦૨૫ ના રોજ સમગ્ર રકમની ચુકવણીમાં ડિફોલ્ટ થયા છો, તેમની રકમની ચુકવણીમાં ડિફોલ્ટ ની રકમ **રૂા. ૧૭,૪૦,૬૩૧/- (અંકે રૂા. સત્તર લાખ ચાલીસ હજાર છસ્સો એકત્રીસ પુરા)**, જે તા. ૦૭.૦૭.૨૦૨૫ ના રોજ થી વ્યાજ અને તા. ૦૭.૦૭.૨૦૨૫ ના રોજ વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ સાથે.

૩. અમે તમને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી બેંક / ધિરાણો અથવા ધિરાણિદેંશો માર્ગદર્શિકા / વાયોલેનશના નિયમો અને શરતો અનુસાર **લોન નોન પરફોર્મીગ એસેટ તા. ૨૫.૦૬.૨૦૨૫** તરીકે લેણાની વર્ગીકૃત કરી છે. આપને બેંકનાં નાણાં ભરપાઈ કરવા વારેવાર ડીમાન્ડ નોટીસ દ્વારા અને મૌખિક વિનંતીઓ દ્વારા જાણ કરવામાં આવેલ છે, છતાં આજદિન સુધી આપે રકમ પરત કરેલ નથી.

૪. અમે તમને એ પણ જાણ કરીએ છીએ કે અમારી વારંવારની સૂચનાઓ અને અમને બાકી રહેલી સમગ્ર રકમની પુનઃચૂકવણી માટે મૌખિક વિનંતીઓ છતાં, તમે હજુ સુધી તે ચૂકવ્યુ નથી.

૫. આપને ખબર છે કે ઉપરોકત લીમીટ જે આપને આપેલ છે તે નીચે પ્રમાણે મુકરર અસ્કયામતોથી / જામીનગીરી થી સુરક્ષિત છે.

જંગમ મિલ્કતનું વર્ણન : સ્ટોક અને બુક ડેબ્ટ્સ

૬. ઉપરોકત કારણોસર અમો આપને જણાવીએ છીએ કે ઉપર મુજબ માસિક વ્યાજ, વાર્ષિક રીતે ગણવામાં આવેલ હતાં. આ જાહેર ખબરના ૬૦ દિવસની અંદર બેંકના બાકી લ્હેણા સંપૂર્ણ ભરપાઈ કરી દેવાં એમાં કસુર થશે તો, મુકરર મિલકત ઉપર સરફેસી કાયદા - ૨૦૦૨ ની કલમ ૧૩(૪) અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે. સદરહુ કાયદાની કલમ ૧૩ હેઠળ આપવામાં આવેલ સત્તાઓ (૧). સદર મુકરર મિલકતનો કબજો લઈ લીઝ પર આપી, ટ્રાન્સફર કરી એસાઈન કરી અથવા વેચીને બેંકના નાણાં વસૂલ કરી શકે છે. (૨). ઉધારકર્તાઓ ધંધો ટેકઓવર કરી ટ્રાન્સફર કરી લીઝ પર આપી એસાઈન કરી વેચી શકે છે. (૩). મુકર મિલકત જેનો અમોએ (મુકરર લેણદાર) એ કબજો લીધેલ છે, તેના વહીવટ માટે મેનેજરની નિમણુંક કરી શકે છે. જે સંપૂર્ણ હકકો તેના મિલકની તબદીલી તમોએ કરેલ છે એ પ્રમાણે કરી શકશે. (૪). લેખિતમાં નોટીસ આપીને જણાવી શકે છે કે કોઈપણ ઈસમ જેણે આપની કોઈપણ મુકરર મિલકત કબજે લીધેલ હોય અથવા કોઈપણ રકમ તમારી પાસે લ્હેણી નીકળવાની થતી હોય તે મુકરર લેણદારને આપી શકે જે સંપૂર્ણ દેવાં ભરપાઈ કરી શકવા સમર્થ હોય.

૭. ઉપરોકત સત્તાનો ઉપયોગ કરી મેળવેલ નાણાં સૌ પ્રથમ બધા ખર્ચાઓ, ચાર્જીસ અને ખર્ચા જે અમારા અભિપ્રાય પ્રમાણે અમોએ ખરેખર ખર્ચ કરેલ છે અથવા તેને લગતા આનુસંગિક ખર્ચાઓ બાદ કરીને પછી બેંકના ઉપરોકત બાકી લ્હેણાં આ નોટીસની તારીખથી નાણાં સંપૂર્ણ ભરપાઈ થાય ત્યાં સુધીના વ્યાજ સાથે અને પછી બાકી નીકળતાં જો હોય તો તે અન્ય વ્યકિતજે હકદાર છે તેને હકક અને હિત પ્રમાણે અપાશે અને જો કોઈ હકક દાવા વાળી વ્યકિત નહી હોય તો ઉધારકર્તાને અપાશે.

૮. નોંધ લેશો કે તમો આ નોટીસ મળ્યા પછી આ નોટીસમાં જણાવેલ મુકરર મિલકત વેચાણથી ફેરબદલ ભાડેથી કે અન્ય કોઈપણ રીતે મુકરર લેણદારની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, આપનું ધ્યાન સરફેસી કાયદાની કલમ ૨૯ તરફ દોરવામાં આવે છે. જેમાં કાયદાનું પાલન નહીં કરવા બદલ ૧ વર્ષની જેલ અથવા દંડ અથવા બન્ને થઈ શકે છે.

૯. અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે કે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

૧૦. આપને જાણ કરવામાં આવે છે કે સરફેસી કાયદા - ૨૦૦૨ મુજબ કાર્યવાહી કરી હોવા છતાં પણ અમો હકકદાર છીએ કે (૧) આપની સામે સમાંતર રીતે દાવા અરજી / કેશ કરી શકીએ અથવા ડી.આર.ટી./ કોર્ટ જે હોય તેમાં જઈને બેંકના બાકી લ્હેણા વસુલ કરી શકીએ છીએ અથવા (૨) આપની સામે દાવા અરજી / કેસ કરીને કે ડી.આર.ટી./ કોર્ટમાં જઈને વ્યાજ સાથે વેચાણ કિંમતથી સંપૂર્ણ રકમ વસુલ ન થાય ત્યાં સુધી જઈને વસુલ કરી શકાશે. (૩). આપની સામે આપને કરેલ ગુના કે ભૂલ માટે કાયદાકીય રીતે ફોજદારી કાર્યવાહી કરી શકાશે.

તારીખ : ૦૭.૦૭.૨૦૨૫
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું 51.58 ટકા પરિણામ

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-જુલાઈ 2025માં ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આજે 51.58 ટકા બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં 40,865 પરીક્ષાર્થીઓ નોંધાયેલા હતા. જેમાંથી 33,731 ઉમેદવારોએ પરીક્ષામાં આપી હતી. તે પૈકી 17397 પરીક્ષાઓ ઉત્તીર્ણ થયા છે. આમ જૂન-જુલાઈની પૂરક પરીક્ષાનું સમગ્ર રાજ્યનું પરિણામ 51.58 ટકા આવ્યું છે. ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં 21495 વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી 10415 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં, છોકરાઓનુ કુલ પરિણામ 48.45 ટકા આવ્યું હતું. તેવી જ રીતે 12236 વિદ્યાર્થીનીઓએ પૂરક પરીક્ષા આપી હતી, જેમાંથી 6982 છોકરીઓ ઉત્તીર્ણ થતાં, છોકરીઓનું કુલ પરિણામ 57.06 ટકા આવ્યું હતું. આમ પૂરક પરીક્ષામાં છોકરીઓએ મેદાન માર્યું છે.

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ તાલુકો-ઓલપાડના **મોજે-જીણોદના રેવન્યુ સર્વે નં.૨૬/૧,૨૬/૨ બ્લોક નં.૧૫૨** જેનું કુલ્લે ક્ષેત્રફળ **૦.૫૫.૬૪** હે.આર.ચો.મી. આકાર રૂા.૪.૩૧ પૈસા જેનો ખાતા નં.૩૮૫ વાળી બીનખેતી પ્રિપાત્ર ખેતીની જમીન જયેશભાઈ જેરામભાઈ આહિરના માલીકી, કબજા, ભોગવટાનું જણાવી સદરહું હમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હિત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણુ હોય, અગર તો તબદીલી અંગેના કોઈપણ ઓરીજનલ પુરાવા લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ માં પુરાવા સહિત લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર જમીનમાં કોઈ વ્યકિત કે સંસ્થાના કે કોઈના પણ કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માની હમારા અસીલ મજકુર જમીનનાં પાકા લખાણો કરાવી લેશે અને ત્યાર પછી કોઈપણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તરતકરાર કે વાંધો વિરોધ ચાલશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ-જી-૧, હિમાંશુપાર્ક એપાર્ટમેન્ટ, ઉમરા પોલીસ સ્ટેશન પાસે, અઠવાલાઈન્સ, સુરત
મો.નં. ૮૧૫૩૬૦૩૪૦૫

હિરેન ડી. પટેલ
(એડવોકેટ)

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, તાઃ અડાજણ ના મોજે ગામ – પાલ ના રેવન્યુ સર્વે નંબર ૩૪૪/૨/પૈકીથી નોંધાયેલી બિનખેતીની જમીન કે જેનો ટી. પી. સ્કીમ નંબર - ૧૪ (પાલ) ના ફાયનલ પ્લોટ નંબર - ૧૧૬ જેનું ક્ષેત્રફળ ૬૦૨૨ ચો.મી. વાળી બીનખેતીની જમીનમાં આવેલ સબ પ્લોટ નં. એ વાળી જમીન, જેનું ક્ષેત્રફળ ૪૧૦૨.૯૬ ચો.મી. છે તે બિનખેતીની જમીનને સીટી સર્વે દફતરે વોર્ડઃ ટી.પી. ૧૪ (પાલ), સીટી સર્વે નં. ૧૯૦૦૦૮/૧ જેનું સીટી સર્વે મુજબનું ક્ષેત્રફળ ૪૧૦૨.૯૬ ચો.મી. છે તે બિનખેતીની જમીન ઉપર આયોજિત ''માર્તન્ડ શિખર'' નામ ના પ્રોજેક્ટ તથા તેને લગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો-અધિકારો સહીત જમીનના માલિક મેં. માર્તન્ડ ઇન્ફ્રાઃ એક ભાગીદારી પેઢી ની ચાલી આવેલ છે. સદર જમીન ને લાગતા નીચે મુજબના દસ્તાવેજો અમારા અસીલ પાસે થી ગુમ/ગેરવહ્યે થયેલ છે. જો અમારા અસીલ કોઈ વ્યકિત, સંસ્થા, બેંકનુ કશા પકારનુ લેણુ હોય તે અંગેની જાણ અમારા અસિલ વતી અમોને દિન- ૭ મા કરવી જો તેમ કરવામાં કસુર થયેથી કોઇનો હક્ક નથી અને જે વેવ કરેલ હોવાનુ માની સદર મિલકતને ટાઈટલ કલીયર મિલકત આપવામા આવશે. ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ગુમ/ગેરવહ્યે થયેલ દસ્તાવેજો
૧. રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૧૬૯, તા. ૨૭/૦૨/૨૦૦૩ ની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ
૨. રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૧૭૦, તા. ૨૭/૦૨/૨૦૦૩ ની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ

અમારા અસિલ મેં. માર્તન્ડ ઇન્ફ્રાઃ એક ભાગીદારી પેઢી દ્વારા આપવામા આવેલ સુચના અન્વયે.

ઓફિસ : ૩૦૧, ૩૦૨, બીજો માળ, બી-વીંગ, શ્રી પદમા આર્કેડ, હેન્ડસુમ હાઉસની બાજુમાં, નાનપુરા પોલીસ ચોકી રોડ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૧૦૦૮૫૫

સંકેત જી. દેસાઈ
તે મે. માર્તન્ડ ઇન્ફ્રાઃ એક ભાગીદારી પેઢીના એડવોકેટ & નોટરી

શહેર સુરતના ચોકબજાર, ચારાગલી વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં.: ૧૦ ના નોંધ નં.: ૨૩૩૭/૧, ૨૩૩૯/બ/૧, ૨૩૩૯/બ/૬, ૨૩૪૦, ૨૩૪૧, ૨૩૪૨ તથા ૨૩૪૩ વાળી મિલકત સંબંધે જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જિલ્લો સુરત, તાલુકો સુરત સીટીના શહેર સુરતના ચોકબજાર, ચારાગલી વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં.: ૧૦ ના નોંધ નં.: ૨૩૩૭/૧, ૨૩૩૯/બ/૧, ૨૩૩૯/બ/૬, ૨૩૪૦, ૨૩૪૧, ૨૩૪૨ તથા ૨૩૪૩ વાળી મિલકત, જેનો અનુક્રમે માપ વિસ્તાર ૫૯.૪૦૪૧ ચો.મી., ૩.૬૩૦૫ ચો.મી., ૩૨.૩૧૧૬ ચો.મી., ૫.૮૫૨૯ ચો.મી., ૫.૦૧૬૮ ચો.મી., ૫.૦૧૬૮ ચો.મી. તથા ૫.૦૧૬૮ ચો.મી. મળી એકંદર ૧૧૬.૨૪૫ ચો.મી. ચો.મી. માપ વિસ્તારની જમીન તથા તેના ઉપર બનેલ અમલા સહિતની જમીન-અમલા વાળી મિલકતમાં મારા અસીલો (૧) પિયુષ અમૃતલાલ સરૈયા તથા (૨) દિપક અમૃતલાલ સરૈયાનો વણવહેંચાયેલ હક્ક-હિત તથા હિસ્સો ચાલી આવેલ છે. આ વણવહેંચાયેલ હક્ક-હિત તથા હિસ્સો અમોએ કોઈને કોઈપણ પ્રકારે તબદીલ કરેલ નથી કે જતો કરેલ હોય, તેવા કોઈ લખાણો કરી આપેલ નથી કે તે અમારા વતી તેને વેચાણ કરવા કોઈ સત્તા આપેલ નથી. આમ છતાં મારા અસીલોના ભાઈ એવા પંકજ અમૃતલાલ સરૈયા મારા અસીલોના નામના તદ્દન ખોટા, બનાવટી અને ગેરકાયદે લખાણો ઊભા કરી, આખી મિલકતો વેચાણ યા તફર કે કરવાની પેરવીમાં હોવાનું મારા અસીલોની જાણમાં આવેલ છે. આ સંજોગોમાં કોઈએ મજકુર પંકજ અમૃતલાલ સરૈયાની વાતથી કોઈએ ભરમાવવું નહીં કે તેની સાથે કોઈપણ જાતના વ્યવહાર કરવા-કરાવવા નહીં. આમ છતાં જો કોઈ મજકુર પંકજ અમૃતલાલ સરૈયા સાથે કોઈ વ્યવહાર કરશે-કરાવે તો તેવા વ્યવહારથી મારા અસીલોના હક્ક-હિતને કોઈ અસરથશે નહીં કે મિલકતનો કબજો મળશે નહીં, બલ્કે લેન્ડ ગ્રેબીંગના ગુન્હા હિત કૃત્ય સંબંધે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે અને હાથમાં તકરાર સિવાય કંઈ આવશે નહીં, જેની લાગતા-વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

તા.: ૧૮/૦૭/૨૦૨૫
૧૦૧૧, વેલોસીટીબિઝ નેશહબ, મધુવન સર્કલ પાસે, એલ.પી. સવાણીરોડ, અડાજણ, સુરત.

દિગેન સી. પટેલ
તે પિયુષ અમૃતલાલ સરૈયા તથા દિપક અમૃતલાલ સરૈયાના એડવોકેટ

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ-ડીસ્ટ્રીકટના **મોજે ગામ : ટકારામાં**, જેનો **બ્લોક/સર્વે નં. ૨૩૫/અ** વાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન કે જેનું ક્ષેત્રફળ હે. ૧-૨૬-૪૬ આરે ચો.મી છે. જેનો આકાર રૂા. ૧૭.૨૧ પૈસા વાળી જમીન **રાજુભાઈ ચંદુભાઈ પટેલ**ની સ્વતંત્ર માલિકીનું હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ માં હમારા નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને "વેઈવ" કર્યો છે તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહું જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. **તા. ૧૮/૦૭/૨૦૨૫** હમારી મારફત

ઓફિસ : ૧૨ થી ૧૮, પહેલો માળ, જયજલારામ શોપિંગ સેન્ટર, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. ફોન : ૨૭૭૮૬૫૯, મો. ૯૯૭૮૧ ૮૮૨૫૩

અરવિંદ એલ. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
વિવેક એ. પટેલ તે એડવોકેટ્સ

જાહેર ચેતવણી

અમો વિરેન્દ્ર અરવિંદલાલ ચૌહાણ તેમજ હેતલબેન વિરેન્દ્રકુમાર ચૌહાણ, રહે. ૩૨, રંગીલા પાર્ક રો હાઉસ, અડાજણ, સુરત આથી જાહેર જનતાને જણવવાનું કે, બાજુમાં બતાવેલ ફોટાવાળી વ્યકિત અમારી પુત્રી ખુશ્બુ તે વિરેન્દ્રકુમાર ચૌહાણની પુત્રી તે પૂંજનકુમાર ચૌહાણની ઘણીયાણી છે. તે તેણીના લગ્ન બાદ તેના સાસરે નાના વરાછા ગામ, રામજી મંદીર પાસે, લુહાર ફળીયુ, કાપોદ્રા, સુરત મુકામે રહેતી આવેલ. તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ખુશ્બુ તેણીના સાસરેથી મન-મરજીથી તેણી પુત્રી કિશિકા તે પૂંજનકુમાર ચૌહાણની પુત્રીને સાથે લઈ અજાણી વ્યકિત સાથે ઘર છોડી ચાલી ગયેલ છે. આમ, "ખુશ્બુ તે વિરેન્દ્રકુમાર ચૌહાણની પુત્રી તે પૂંજનકુમાર ચૌહાણની ઘણીયાણી" અમારા કે અમારા પરીવારના કહયામાં નથી અને તે પોતાની મરજી મુજબના કૃત્યો કરેલ છે. આથી તેણી સાથે અમારો કે અમારા કુંટુંબીજનોનો કોઈપણ જાતનો સંબંધ કે વ્યવહાર રહયો નથી. તેણીને અમોના વારસમાંથી બેદખલ કરેલ છે. ખુશ્બુ અને તેણીની પુત્રી કયાં અને કોણી સાથે રહે છે તે અંગેની અમોને કોઈપણ પ્રકારની જાત માહિતી નથી. એટલુ જ નહી, અમોની જાણ મુજબ, ખુશ્બુ કને તેણીના નામ પાછળ તેના પિતાનું નામ યાને વિરેન્દ્રકુમાર હોય તેવો આધાર કાર્ડ તેણીની પાસે હોય અને તેવા આધાર કાર્ડ કે તેણીના નામ પાછળ પિતા તરીકે અમારુ નામ હોય તેવા આધાર કાર્ડ કે કોઈપણ પ્રકારના દસ્તાવેજોના આધારે કોઈપણ ઈસમ સાથે વ્યવહાર કરે તેમ છે. જેથી કોઈપણ ઈસમે તેણી સાથે કોઈપણ પ્રકારના વ્યવહાર કરવા-કરાવવા નહી. તેમ છતાં જો કોઈ ઈસમ તેણી સાથે કોઈપણ પ્રકારના વ્યવહાર કરે તેમાં અમો કે અમારા પરીવારની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. જેની સગા—સંબંધી, જાહેર આલમ તથા લગતા વળગતાએ નોંધ લેવી.

વિરેન્દ્ર અરવિંદલાલ ચૌહાણ તેમજ હેતલબેન વિરેન્દ્રકુમાર ચૌહાણ, રહેવાસી :- ૩૨, રંગીલા પાર્ક રો હાઉસ, અડાજણ, સુરત.

ખરીદનાર સાવધાન/જાહેર ચેતવણી

વેસુ ટી.પી. સ્કીમ નં.૬, ફા.પ્લોટ નં. ૨૮ વાળી જમીન

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, તા. મજુરા, મોજે વેસુ જેનો રે.સ.નં.૪૭૦ જેનો નવો નં.૩૦૩ વાળી જમીન હાલ ટી.પી.સ્કીમ નં. ૬, ફાયનલ પ્લોટ નં.૨૮ તરીકે ચાલી આવેલ છે. સદરહું જમીન જે તે સમયે અમોના અસીલ મનુભાઈ માયાભાઈ આહિરનાએ હમાબેન આશીકઅલી નરસી ને વેચાણ અપાવવા માટે તથા સદરહું જમીનમાં ચાલી આવેલ માલીકી અંગેના વિવાદો પૂર્ણ કરવા તથા જમીન સંપુર્ણ ટાઈટલ કલીયર કરવાની કામગીરી કરવા મધ્યસ્થી તરીકેની કામગીરી સોંપેલ હતી. જે કાર્યવાહિ કરવા અને તેના મહેનતાણાં રૂપે અમોના અસીલને સદરહું જમીન માંથી ૩૫૦ ચો.વારનો અલગથી દસ્તાવેજ કરી આપવા તથા રોકડા રૂા.૧,૨૦,૦૦,૦૦૦/– પુરા ચુકવી આપવા બંધાયેલ હતા. અમોના અસીલે સદરહું જમીનમાં ચાલતા વિવાદોનો ઉકેલ લાવી જમીન સંપુર્ણ ટાઈટલ કલીયર કરાવી આપેલ હતી. બાદ આ હમાબેન આશીકઅલી નરસીનાએ અમોના અસીલને મહેનતાણાં રૂપે નકિક કરેલ સદરહું જમીન માંથી ૩૫૦ ચો.વાર નો દસ્તાવેજ કરવા તથા રોકડા રૂા.૧,૨૦,૦૦,૦૦૦/– પુરા ચુકવી આપવા બંધાયેલ હોવા છતાં અને તેના લખાણો અમોના અસીલને કરી આપેલ હોવા છતાં આ હમાબેન નાઓએ ફકત રૂા.૧૦,૦૦,૦૦૦/– આપેલ. બાદ બાકીના રૂપિયા તથા ૩૫૦ ચો.વારનો દસ્તાવેજ કરાવી આપવા અવાર નવાર અમોના અસીલે જણાવેલ અને તે અંગેના ફોન કોલ્સ કરેલ અને તેમા હમાબેન તથા આશીકઅલી નરસીનાએ કબુલ રાખેલ છે કે બાકીના રૂપિયા તથા ૩૫૦ ચો.વારનો દસ્તાવેજ કરાવી આપીશુ. તેવું રેકોર્ડીંગ અમોના અસીલ પાસે હાલ મોજુદ છે. તેમજ એ અંગેનું લખાણ પણ અમોના અસીલ પાસે છે. અમોના અસીલે જે તે સમયે સીવીલ પ્રકરણ કરેલ હતા જે સમય મર્યાદાના કારણે નામદાર કોર્ટે સ્વીકારેલ નથી. જેના કારણે અમોના અસીલના હકકો મટી જતાં નથી. સદરહું જમીનમાં DEEMDED PURCHASER તરીકેના અસીલનો હકક ચાલી આવેલ છે. જેની વિરૂધ્ધ કોઈ ઓર્ડર થયેલ નથી. જે અંગે અમોના અસીલ તેનો હકક મેળવવા નામદાર સીવીલ કોર્ટમાં અલગથી કાર્યવાહિ કરનાર છે. આમ, સદરહું જમીનમાં અમારા અસીલનો કાયદેસરનો હકક, હિત, હિસ્સો ચાલી આવેલ છે અને હાલ પણ હકક ઉભો હોય જેથી કોઈ પણ ઈસમ, સંસ્થા કે શરાકી પેઢી સદરહું જમીનમાં કોઈ પણ જાતના વેચાણ વ્યવહારોને લગતા કે કોઈ અન્ય પ્રકારના લખાણો ઉભા કરે કરાવે નહિ. તેમ છતાં જો કોઈ વ્યકિત, સંસ્થા કે પેઢી આવા કોઈ લખાણો કરે કરાવે તો તેઓને કોઈ ટાઈટલ કલીયરન્સ અને હકક પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

Office : 406, Solaris Bay view, B/s. Iscon Mall, Dumas road, Piplod, Surat. Mo. 99242 11005

By Me **Raamesh Makwana** Advocate

જાહેર ચેતવણી

શહેર સુરતના કતારગામ જી.આઇ.ડી.સી.માં આવેલ શેડ નં. પી-૮૨૫ વાળી મિલકત કે જેનુ ક્ષેત્રફળ ૧૬૧ ચો.મી. છે તે જમીન-અમલા સહિતની મિલકત હમારા અસીલ પુષ્પાબેન ચંદુલાલ વાંકાવાલાની સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટાની ચાલી આવેલ છે. સદરહુ શેડ હમારા અસીલના મર્હુમ ધણીએ તેના માલિકો હમારા અસીલના મર્હુમ ધણીના મામી અરૂણાબેન અરવિંદલાલ દુધવાલા કનેથી મોખિક સમજુતિના કરારથી સને ૧૯૮૫ ની સાલમાં વેચાણ લીધેલી અને હમારા અસીલના મર્હુમ ધણીએ તે સમયે પુરેપુરો વેચાણ અવેજ તેઓને હમારા અસીલ તરફે ચુકવી આપેલો અને ત્યારથી સદરહુ મિલકતમાં સને ૧૯૮૫ ની સાલથી હમારા અસીલના મર્હુમ ધણી અને સાથે હમારા અસીલના પુત્ર આજદિન સુધી કોઇની કોઇપણ જાતની રોકટોક વિના ધંધો કરતા આવેલા છે અને આ રીતે હમારા અસીલનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો ચાલી આવેલ છે. ફકત જી.આઇ.ડી.સી.ના દફતરે હમારા અસીલના નામે ટ્રાન્સફર કરવાના પાકા લખાણો બાકી હતા. જે કરાવવા માટે હમારા અસીલે મર્હુમ અરૂણાબેનના પુત્ર કિરીટ અરવિંદલાલ દુધવાલાને વિનંતી કરતા તેઓએ હમારા અસીલના લાભમાં જી.આઇ.ડી.સી. દફતરે ટ્રાન્સફર કરવા માટે પુરેપુરી તેયારી બતાવેલી અને તે માટે જરૂરી એવા પુરાવાઓ આધાર કાર્ડ યા ફોટાઓ પણ તેઓએ હમરા અસીલને આપેલા. સરકારી દફતરે પણ સને ૧૯૮૫ ની સાલથી હમારા અસીલનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો નોધાયેલ છે. ઇમ્પેકટ ફીના નાણાં પણ હમારા અસીલે ભરેલા છે. આવી ઉપર મુજબની સ્પષ્ટ હકીકત હોય મર્હુમ અરૂણાબેનના પુત્ર કિરીટ અરવિંદલાલ દુધવાલાએ તેઓની દાનત બગડતા પાકા લખાણો કરી આપવા માટે હમારા અસીલ પાસે અણછાજતા નાણાં ની માંગણી કરેલી. જે માંગણી પુરી નહીં કરતા તેઓએ હમારા અસીલને પાકા લખાણો કરી આપેલા નહીં. જેથી હમોએ તેઓ વિરૂધ્ધ મહે. સુરતના પ્રિન્સીપાલ સીનીયર સવીલ જડજ સાહેબની કોર્ટમા રે.દિ.મુ.નં. ૩૮૦/૨૦૨૪ નો હમારા અસીલના લાભમાં તેઓ પાકા લખાણ યાને દસ્તાવેજો કરી આપે તે અંગેનો દાવો કરેલો અને સદર દાવામાં તેઓ સદરહુ મિલકત અન્ય કોઇને ટ્રાન્સફર કરે-કરાવે નહીં કે તેઓ હમારા પ્રત્યક્ષ કબજા, ભોગવટામાં દખલગીરી કરે-કરાવે નહીં તેવો મનાઇ હુકમની પણ માંગણી કરેલીછે. સદર દાવો તથા મનાઇ અરજી પેન્ડીંગ છે અને મેટર સબ-જયુડીશ છે. આવી સ્પષ્ટ હકીકત હોવા છતાં કિરીટ અરવિંદલાલ દુધવાલા પોતે જાહેર જનતાને ખોટી રીતે ભરમાવીને સદરહુ મિલકત વેચાણ કરવાની પેરવીમાં છે. હમારા અસીલ તે બાબતે જી.આઇ.ડી.સી. ના દફતરે પણ અરજી કરેલ છે. અને કિરીટ અરવિંદલાલ દુધવાલા વિરૂધ્ધ નાણાંકીય અણછાજતો લાભ લેવાના તેઓના ગેરકાયદેસર કુત્યો બદલ પોલીસ ફરીયાદ પણ કરનાર છે. જેથી કોઇએ પણ સદરહુ મિલકત ખરીદવી નહીં અને જો કોઇ વ્યક્તિ સદરહુ મિલકત ખરીદશે તો તે વ્યક્તિને સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો પણ પણ ઉપરોકત દાવામાં જોડવાની ફરજ પડશે અને તેઓને તકરાર સિવાય કશુ પ્રાપ્ત થશે નહીં, જેની નોંધ લેશો. તા. ૧૭-૭-૨૦૨૫

મારી મારફત :-
જે. બી. ગોળવાલા (એડવોકેટ)
ઓફિસ : ૩૦૧-૩૦૨, સત્યમ કોમ્પલેક્ષ, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.

સહી/- પુષ્પાબેન ચંદુલાલ વાંકાવાલા

અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજી.પાવતી ગુમ થયા અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયના ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ : કામરેજનાં મોજે ગામ : **આંબોલી** નાં રે.સ.નં. : ૩૪ જેનો **બ્લોક નંબર : ૩૧** થી નોંધાયેલ રહેણાંકનાં હેતુ માટે બીનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ '' લક્ષ્મેશ્વર સોસા